INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૫-૦૯-૨૦૨૫**

- **આંગણવાડી બહેનો-હેલ્પરોને હાઈકોર્ટના ચુકાદા મુજબ પગાર અને અધિકાર આપવામાં આવેઃ શ્રી અમિત ચાવડા**
- **વસ્તીના પ્રમાણમાં આંગણવાડી કેન્દ્રો શરૂ કરવામાં આવે અને ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં આવેઃ શ્રી અમિત ચાવડા**
- **૩ દાયકાના ભાજપનું શાસન કરોડો રૂપિયાના ખર્ચ પછી પણ કુપોષણ નાબુદ કરવામાં સરકાર નિષ્ફળઃ શ્રી અમિત ચાવડા**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડાએ પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભ્રષ્ટાચારી મળતીયા અધિકારીઓ તંદુરસ્ત બન્યા, બાળકો-ભાવિપેઢી કુપોષિત થઈ રહી છે. મોદી મોડેલના ગુજરાતમાં – ૩૦ વર્ષના શાસન પછી પણ આઇસીડીએસ પ્રોગ્રામ બિનસંવેદનશીલ રીતે ચાલે છે. આંગણવાડી બહેનોને પુરતો પગાર મળતો નથી. પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા દર વર્ષે ખર્ચ કર્યા બાદ પણ ગુજરાતના ગરીબ-આદિવાસી વિસ્તારના બાળકો કુપોષણનો ભોગ બન્યા છે. કુપોષણનું દુષણ / લાંછન દુર કરવામાં સરકાર નિષ્ફળ છે. વસ્તીના પ્રમાણમાં પુરતા આંગણવાડી કેન્દ્રો નથી. કેટલાય આંગણવાડી કેન્દ્રો-ભાડાના મકાનમાં / જર્જરિત મકાનમાં ચાલે છે. ટોઈલેટની સુવિધા નથી. પીવાના પાણીની સુવિધા નથી વિજળીના કનેક્શનના પ્રશ્નો છે. આઇસીડીએસ કાર્યક્રમ બરોબર ચાલે તે માટે દેખરેખ રાખવા અધિકારીઓ - કર્મચારીઓની જ ભરતી નથી – જગ્યાઓ ખાલી છે. સરકારી ઉત્સવો-તાયફા-ભીડ ભેગી કરવા માટે આંગણવાડી વર્કરોને ટાર્ગેટ આપી કામ કરાવાય છે. યોજનામાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. કરોડોના ખર્ચ પછી પણ કુપોષણ દુર કરવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ છે.પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા ખર્ચ કરીને પણ કુપોષણનું દુષણ દુર નથી થતું. આંગણવાડી બહેનો-હેલ્પરોને હાઈકોર્ટના ચુકાદા મુજબ પગાર આપવામાં આવે, ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં આવે અને વસ્તીના પ્રમાણમાં આંગણવાડી કેન્દ્રો શરૂ કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

વિશ્વમાં કુપોષણનો સામનો કરી રહેલા ૮૨ કરોડ લોકોમાંથી ૨૨ કરોડ લોકો ભારતમાં છે અને ભારતમાં ૩૩ લાખ બાળકો કુપોષિત છે તેમાં અડધાથી વધુ અતિ ગંભીર કુપોષિત છે, જેમા ડબલ એન્જીન ધરાવતુ ગુજરાત ટોચ પર છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે 5 (NFH5) મુજબ ભારતના સૌથી કુપોષિત જિલ્લાનો એક સર્વે મુજબ દેશમા કુલ અતિકુપોષિત ટોપ ૧૦ જિલ્લાઓમાં ગુજરાતના ૫ જીલ્લાઓ ડાંગ ૫૩.૧% ટકા અને દાહોદ ૫૩% સહિત,નર્મદા, પંચમહાલ અને તાપી છે. અને આ સુપોષિત ટોપ ૧૦ જીલ્લામા ગુજરાતનો એકપણ જિલ્લો આવ્યો નથી. આમ આ આદીવાસી જીલ્લાઓમા સરકારે કરેલા કામોનો કરુણતા ભરેલો વહીવટી હિસાબ છે. અને માર્ચ ૨૦૨૨માં સંસદમા રજુ કરે મંત્રીશ્રી ઇરાનીએ નેશનલ ફેમિલી હેલ્થના સર્વે કહે છે ગુજરાત ૩૯.૭ ટકા બાળકોમાં સૌથી વધુ કુપોષિત છે, દેશમા ગુજરાત સૌથી ઉપર આવ્યું હતુ.

પૂર્વ કેબિનેટ મંત્રી અને વરિષ્ઠ આગેવાનશ્રી ડૉ. જયનારાયણ વ્યાસે પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા એક અતિમહત્ત્વનો અને બહુહેતુલક્ષી કાર્યક્રમ ચલાવવામાં આવે છે, જેનું આખું નામ ઇન્ટીગ્રેટેડ ચાઇલ્ડ ડેવલોપમેન્ટ સર્વિસીસ. (ICDS) પ્રોગ્રામ છે. આ બહુહેતુક કાર્યક્રમનો ઉદ્દેશ ગરીબ અને પછાત વર્ગના બાળકો

સમેત અન્ય બાળકોને પ્રાથમિક શાળામાં દાખલ થાય તે પહેલાં શિક્ષણ, કુપોષણ દૂર કરવા માટે પોષણક્ષમ આહાર અને પ્રાથમિક આરોગ્ય સંભાળ, રોગ પ્રતિરોધક શક્તિ વિકસાવવા માટે રસીકરણ, આરોગ્ય ચકાસણી અને છ વર્ષની નીચેના આવા બાળકોને જો કોઇ આરોગ્ય સેવાની જરૂરિયાત જણાય તો તે મેળવી આપવાનું રહે છે. આની સાથોસાથ ગર્ભવતી અને ધાત્રી માતાઓને તેમની ૧૧થી ૧૮ વર્ષની મુગ્ધાઅવસ્થામાં ઉછરી રહેલ છોકરીઓને આરોગ્ય વિષયક યોગ્ય તે સારસંભાળ પૂરું પાડવાનો છે.

ગુજરાત એક પ્રગતિશીલ રાજ્ય છે. દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં સરકારી વહીવટ તેમજ સંબંધિત આંતરમાળખાકીય સવલતો સુગ્રથિત રીતે વિકસી છે એવું કહેવાય છે. આ કારણથી હાલના પ્રધાનમંત્રી અને તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમિયાન આખા દેશમાં ગુજરાતનો એક 'મોડેલ સ્ટેટ' આદર્શ રાજ્ય તરીકે પ્રચાર થયો હતો. ૨૦00થી ૨૦૧૪ સુધીના મુખ્યમંત્રી તરીકેના પોતાના કાર્યકાળ દરમિયાન ગુજરાતને પોતે અસરકારક શાસનવ્યવસ્થા આપી હોવાની વાતનો શ્રી નરેન્દ્ર મોદીએ ૨૦૧૪માં ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે પ્રચાર-ઝુંબેશમાં ભરપૂર ઉપયોગ કર્યો હતો. એમની આક્રમક અને વાક્છટાવાળી શૈલીમાં પીરસવામાં આવેલ આવી આશાથી દોરવાઇને મતદારોએ ૨૦૧૪માં કોંગ્રેસના નેતૃત્વ હેઠળના શાસનને બદલે શ્રી નરેન્દ્ર મોદી અને ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળનું શાસન આવકાર્યું હતું.

આમ કેન્દ્ર સરકારનો, પણ રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવતો ઇન્ટીગ્રેટેડ ચાઇલ્ડ ડેવલોપમેન્ટ સર્વિસીસ (ICDS) કાર્યક્રમ, જેનું પ્રતીક ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં ચાલતી આંગણવાડીઓનું નેટવર્ક છે તેને ચકાસણીની એરણે મૂકવાનો પ્રયત્ન છે. આ ચકાસણીમાં સંપૂર્ણપણે તટસ્થતા જળવાઇ રહે અને માત્ર હકીકત આધારિત અવલોકનો થાય તે હેતુથી દેશની સંવૈધાનિક સંસ્થા- કોમ્પટ્રોલર એન્ડ ઑડિટર જનરલ ઑફ ઇન્ડિયા (કેગ)ના ૨૦૨૪ના અહેવાલ મુજબ ગુજરાતની પરિસ્થિતિ શું છે? ૨૦૧૧ના સેન્સસ પ્રમાણે ૭૭,૭૭ લાખ બાળકો, જે ૬ વરસથી નીચેના હતા. તેમને ૨૦૧૫ અને ૨૦૨૩ વચ્ચે પ્રવેશ અપાવો જોઈતો હતો પણ પ્રવેશ અપાયો માત્ર ૪૦.૩૪ લાખ બાળકોને. એટલે કે જોઇએ તેટલા બાળકોને પ્રવેશ અપાતો નથી. કુલ આંગણવાડી કેન્દ્ર ૫૩,૦૨૯ છે, જે જરૂરિયાત કરતાં ૧૬,૦૪૫ ઓછા છે.

આંગણવાડી ૮૪૫૨ તૂટેલાફૂટેલા મકાનમાં બેસે છે. ૩૩૮૧ કામચલાઉ વ્યવસ્થામાં ચાલે છે જેમાંથી ૩૦ ખુલ્લી જગ્યામાં છે. ૧૨૯૯માં ટોઇલેટની સવલત નથી. ૧૦૩૨માં પીવાના પાણીની સવલત નથી. ૩.૮૨ કરોડ રૂપિયાની કિંમતના પાણી ચોખ્ખું કરવા માટેના ૬૭૦૯ મશીન વપરાશમાં નથી કારણ કે કાં તો વીજળી નથી અથવા પાણી જ નથી.

૧.૦૭ લાખ ડિસ્ટ્રિક્ટ પ્રોગ્રામ ઓફિસર, ચાઇલ્ડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઓફિસર, લેડી સુપરવાઇઝર અને આંગણવાડી વર્કર્સ તેમજ હેલ્પર્સમાંથી ૫૫૩૨ જગ્યા ખાલી છે. ડિસ્ટ્રિક્ટ પ્રોગ્રામ ઓફિસર અને ચાઇલ્ડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઓફિસરની ૫૫.૯૫ ટકા જગ્યા ખાલી છે.

આંગણવાડીની વર્કર ખૂબ પરેશાન છે, અનેક કામ અને કાર્યક્રમોમાં તેમને જોતરવામાં આવે છે. આ બહેનો બાળકો માટે પૂરતો સમય તો જ આપી શકે જો સરકાર અન્ય કામોમાંથી મુક્તિ આપે. સરકારની એટલી બધી યોજનામાં બહેનોને જોડી દેવામાં આવી છે કે બાળકો માટે સમય જ નથી આપી શકતી. એવામાં આંગણવાડીમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ કેવી રીતે આપવું? હાલની મોંઘવારીને લઇને આંગણવાડી વર્કરને મહિને રૂા. ૧૦,૦૦૦ અને સહાયકને મહિને રૂા. ૫,૫૦૦ પગાર આપવામાં આવે છે જે પૂરતો નથી. નામદાર ગુજરાત હાઇકોર્ટે આપેલા ચુકાદાનું પાલન કરી સરકાર ક્યારે આંગણવાડી બહેનોને કાયમી ધોરણે સરકારી કર્મચારીઓ જાહેર કરી તેમનો વર્ગ-૩ અને વર્ગ-૪માં સમાવેશ કરી લઘુત્તમ વેતન આપશે?

આંગણવાડી કેન્દ્રમાં લાઇટ જ ન હોય, તેના માટે RO પ્લાન્ટથી ખરીદી કરી લાવી મૂકવાની શું જરૂરિયાત છે? લાવીને મૂકી રાખીએ તો ભંગાર તો થવાના જ તે સ્વાભાવિક છે. તપાસ કર્યા વગર ખરીદી શા માટે કરી? એ પણ એક સવાલ છે. કેટલીક જગ્યાએ બે બે કેન્દ્રો ભેગા બેસે છે.

બાળકોને શિક્ષણ તેમજ સાર-સંભાળનું સ્તર સુધારવું હોય તો આંગણવાડીની બહેનોને બીજા કામમાંથી મુક્તિ આપવી જોઇએ. આંગણવાડીની મૂળ કામગીરી કરતાં બીજું દસ ગણું કામ બહેનોને કરવું પડે છે. બહેનોને શિક્ષણ માટે યોગ્ય સાધન અને માળખાકીય સુવિધાઓ પણ આપવામાં આવતી નથી.

પાટણ જિલ્લાના એક ગામમાં આંગણવાડી ચાલે છે, જે આંગણવાડી વર્કરના ઘરમાંથી ચાલે છે. ઘર તૂટ્યુંફૂટ્યું છે, વીજળી નથી, પીવાના પાણીની સવલત નથી. વાસણો અથવા રમકડાં નથી. એ જ ગામના એક વયોવૃદ્ધ કહે છે, 'હવે આવા વાતાવરણમાં બાળકોનું રસીકરણ થાય તો બાળકો માંદા જ પડે ને? એટલે જ અમે અમારાં બાળકોને આંગણવાડીમાં મોકલતા નથી.”

આંગણવાડી એ સ્લમ વિસ્તારના ગરીબ અને પછાત વર્ગ માટે હોય છે, પણ તેઓ ઓછું ભણેલ હોવાથી અને પોતાના ઘરખર્ચ માટે કામ કરવામાં સતત વ્યસ્ત રહેવા હોવાથી ફેસ રીડિંગ સિસ્ટમ (FRS) માટે આધારકાર્ડ અને મોબાઇલ લિંક કરાવવા અંગે ગંભીર નથી હોતા. FRS અને KYC ન થતાં ખરેખર જરૂરિયાતવાળા લાભાર્થી જ આનાથી વંચિત રહી જાય છે. FRS માટે સરકારશ્રીએ મોબાઇલ પેટે ૧૦,000 રૂપિયા આપવાનું કહ્યું હતું, જે પણ હજી ચૂકવ્યા નથી. જે સિમકાર્ડ આપ્યા છે તે બહેનો પોતાના પર્સનલ મોબાઇલમાં નાખી ફક્ત કોલ કરવા જ ઉપયોગ કરી શકે છે. કાર્ડનું ઇન્ટરનેટ બરાબર કામ કરતું નથી એટલે બહેનો પોતાના નેટનો જ ઉપયોગ કરી કામગીરી કરી રહી છે. સૌથી મોટો પ્રશ્ન હાલ FRSનો છે. સગર્ભા ધાત્રી અને બાળકોનું FRS કરવાનું હોય છે. એમાં ખૂબ જ સમય વેડફાય છે, છતાં કામગીરી થતી નથી.

વસ્તી વધારાને નાથવા માટે સરકારી દવાખાનામાં કે આંગણવાડીમાં ફક્ત બે બાળક સુધી જ સેવા આપવામાં આવે જેથી કામનો બોજો પણ ઘટે ને ભારતને કુપોષણથી મુક્ત કરી શકાય. પ્રથમ બે દીકરી હોય તો ત્રીજી ડીલીવરી સુધી છૂટ આપવી જોઈએ. માતૃવંદના હેઠળ મળતી રકમ પણ બે બાળક સુધી જ આવકમર્યાદાને ધ્યાને રાખી કરી જોઈએ.

કુપોષણ દૂર કરવા ટેક હોમ રેશન—THR (બાલભોગ)ના પેકેટ આપવામાં આવે છે, એ ૭૦ ટકા લાભાર્થી બહેનો લઈ તો જાય છે પણ તેનો ઉપયોગ કરતાં નથી. લાભાર્થીનું કહેવું છે કે આના બદલે કંઈ અનાજ આપવામાં આવે. કાર્યકર અને ચાઇલ્ડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ ઓફિસર CDPO અને કદાચ PO થકી આ રજૂઆત થઈ જ હશે પણ આ THR બંધ થતું નથી. આ પેકેટ માટે જ FRS કરવાનું હોય છે, જેનાથી બહેનો ખૂબ પરેશાન છે અને આ પેકેટ પાછળ કરોડોનો ખર્ચ થાય છે. તે રકમ વેડફાઈ રહી છે. આ પેકેટના માટે સીધી વાત લાભાર્થી સાથે જ થાય તો હકીકત બહાર આવે.

કુપોષણની વાત કરીએ તો ભારતમાં સૌથી વધુ કુપોષણ છે અને તેનું મુખ્ય કારણ વસતીવધારો છે. એક તરફ MMY મુખ્યમંત્રી માતૃ યોજના) થકી ૧ કિલો તુવેરની દાળ, ૧ કિલો સીંગતેલ તેમજ ૨ કિલો ચણા દર મહિને પ્રથમ સગર્ભા માતાને આપવાના હોય છે. આમાં સરકારી કર્મચારી ન હોય તેવા દરેક લાભાર્થી આનો લાભ લઈ શકે છે. આમાં એક ક્રાઇટેરિયા નક્કી કરવામાં આવે તેમજ નિયમિત સ્ટોક આપવામાં આવે. બહેનોને વાહતુક ખર્ચ આપવામાં આવે.

સરકારી તંત્ર આ બાબતમાં ઢાંકપિછોડો કરે છે અને સાચી માહિતી બહાર આવતી જ નથી. કેગનો ૨૦૨૪નો આ અહેવાલ ઘણી બધી આધારભૂત માહિતી આપી જાય છે. મધ્યાહ્ન ભોજન હોય કે પછી મનરેગા કે આઈસીડીએસ, સરકારનો હેતુ હંમેશાં યોજના જાહેર કરે ત્યારે ખૂબ સારો હોય છે, એની પાછળની લાગણી પણ જરૂરિયાતમંદ, ગરીબ, દલિત કે પછાતવર્ગને મદદ કરવાની હોય છે. આ કાર્યક્રમ પણ ખૂબ ઉમદા ભાવનાવાળો કાર્યક્રમ છે પણ એમાં મોટે પાયે ખાયકી થતી હોવાના અહેવાલો પણ છે.

આઈસીડીએસ એ ખૂબ ઉમદા હેતુ સાથે જાહેર થયેલી એક સરસ મજાની કેન્દ્ર સરકારની યોજના છે, જે બિનસંવેદનશીલ તંત્ર અને ખાયકીને પ્રોત્સાહન આપતી સમાજ/રાજવ્યવસ્થામાં સબડી રહી છે, શું આમાં કોઈ સુધારો આવશે? ઉપલબ્ધ માહિતી મુજબ ગુજરાત સરકારે તાજેતરમાં ૧૭૯૭ આંગણવાડીઓને અપગ્રેડ કરવાનો નિર્ણય કર્યો છે. આ આંગણવાડીઓ માટે ૧૭૯૭ તેડાંઘરની નવી જગ્યાઓ પણ ઊભી કરાશે. આ નિર્ણયને આવકારીએ પણ એની અસરકારકતા તો એનું અમલીકરણ કઈ રીતે થાય છે, તેના પર જ રહેશે. આ ઉપરાંત ૯૮૦૦ કરતાં પણ વધારે આંગણવાડી કાર્યકર અને આંગણવાડી હેલ્પરની જગ્યાઓની ભરતી માટેની જાહેરાત આપવામાં આવી છે.

હેમાંગ રાવલ
મીડિયા કોકન્વીનર અને પ્રવક્તા
9898233038